# Std 11 Gujarati Textbook Solutions Chapter 8 દિલોજાન દોસ્ત : પુસ્તક

**સ્વાધ્યાય**

**સ્વાધ્યાય નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. આધુનિક માનવને આનંદ આપનાર વિશિષ્ટ સાધન કયું છે?**
ઉત્તરઃ
આધુનિક માનવને આનંદ આપનાર વિશિષ્ટ સાધન પુસ્તક છે.

**પ્રશ્ન 2. દોસ્તોયન્કીએ વેનિસ જોવાને બદલે શું કર્યું?**
ઉત્તરઃ
દોસ્તોયવસ્કીએ વેનિસ જોવાને બદલે વિક્ટર હ્યુગોનું પ્રખ્યાત પુસ્તક "લ મિઝરેબલ હોટેલના રૂમમાં ભરાઈ રહીને એક અઠવાડિયું એ પુસ્તક વાંચવામાં કાઢ્યું.

**પ્રશ્ન 3. નેપોલિયને કોની કઈ કૃતિ રણમેદાનમાં વાંચી હતી?**
ઉત્તરઃ
નેપોલિયને જર્મન મહાકવિ ગેટેની નવલકથા The Sorrows of Werther' રણમેદાનમાં વાંચી હતી.

**પ્રશ્ન 4. પેપર શબ્દ ક્યાંથી આવ્યો હોવાનું મનાય છે?**
ઉત્તરઃ
પેપર શબ્દ પેપીરસ ઉપરથી આવ્યો હોવાનું મનાય છે.

**પ્રશ્ન 5. પ્રિન્ટિંગ પ્રેસની શોધનું શ્રેય કોને જાય છે?**
ઉત્તરઃ
પ્રિન્ટિંગ પ્રેસની શોધનું શ્રેય જોહાન ગુટેનબર્ગ નામના એક જર્મનના ફાળે જાય છે.

**2. નીચેના દરેક પ્રશ્નનો બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. ગમે તેટલું લખવા છતાં લેખક શા માટે સંતોષ અનુભવતા નથી?**
ઉત્તરઃ
પુસ્તક શબ્દ યાદ આવતાં જ લેખકને એટલા બધા વિચારો ઊભરાવા માંડે છે – વાંચેલું, જાણેલું,

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

અનુભવેલું એટલું બધું યાદ આવવા માંડે છે કે ગમે તેટલું લખવા છતાં તે સંતોષ અનુભવતા નથી. થોડું લખવાથી પણ તેમને સંતોષ થશે નહિ.

**પ્રશ્ન 2. ગુજરાતીઓ 'ચોપડી' કરતાં 'ચોપડાને વધુ ચાહે છે એમ લેખક શાથી કહે છે?**

ઉત્તર :

ગુજરાતીઓને વેપારમાં, પૈસામાં, હિસાબમાં રસ વિશેષ રહ્યો છે. ગુજરાતીઓ ચોપડી કરતાં ચોપડાને વિશેષ ચાહે છે. તેઓ ચોપડા પૂજન' બહુ અદબથી કરે છે. ચોપડી વસાવવામાં અને વાંચવામાં કશુંક દેવું પડે છે. ગુજરાતીઓને લેવામાં વિશેષ રસ છે. આથી ગુજરાતીઓ 'ચોપડી' કરતાં 'ચોપડા'ને વધુ ચાહે છે એમ લેખક કહે છે.

**પ્રશ્ન 3. "માણસ વાચન છોડી દેશે' તેવું મેકલુહાન શાથી કહે છે?**

ઉત્તરઃ

"માણસ વાચન છોડી દેશે તેવું એકલુહાન કહે છે કારણ કે સિનેમા, રેડિયો, ટેલિવિઝન જેવાં માસમીડિયા સાધનો તેને પુસ્તક કરતાં ઓછા સમયમાં વધારે આનંદ અને વધારે માહિતી આપી શકે છે.

**પ્રશ્ન 4. લેખક પુસ્તકને 'જાદુઈ દીવો' શા માટે કહે છે?**

ઉત્તરઃ

પુસ્તક સાથે તમે વાતો કરી શકો છો, હસી શકો છો, રડી શકો છો, સફર કરી શકો છો. પુસ્તક સાથે તમે દરિયાપાર, અવકાશમાં, ધરતીના ઊંડાણમાં, ઇચ્છા પડે ત્યાં જઈ શકો છો. આમ, પુસ્તક એ જાદુઈ દીવો છે.

**પ્રશ્ન 5. પ્રથમ પુસ્તક શી રીતે અસ્તિત્વમાં આવ્યું હોવાનું લેખક માને છે?**

ઉત્તરઃ

ઈસુની પ્રથમ સદીના પ્રથમ વર્ષે કે ત્યારપછી થોડા વખતે, એક રોમન લહિયાએ જુદા જુદા પાચમેન્ટને એકસાથે રાખવા માટે તેની એક બાજુના ભાગને સીવી લીધો. આ સીવેલો ભાગ પુસ્તકની પીઠ બન્યો. આ રીતે પ્રથમ પુસ્તક અસ્તિત્વમાં આવ્યું હોવાનું લેખક માને છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**3. નીચેના પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. પુસ્તકો જ આપણા સાચા મિત્રો છે' આ વિધાનની યથાર્થતા પાઠને આધારે સિદ્ધ કરો.**

ઉત્તરઃ

પુસ્તકનો જન્મ થયો નહોતો. માણસ શિકાર કરતો હતો, હોંકારા પડકારા કરતો હતો, નાચતો હતો, બહાદુરીના નારાઓ લગાવતો હતો, ખેતી કરતો હતો, ગીતો ગાતો હતો, એકાંતમાં જઈને ધ્યાન ધરતો હતો, પોતાને મળેલું જ્ઞાન બીજાને આપવા માટે ઉત્સુક થઈ જતો હતો ત્યારે તેની પાસે પુસ્તક નહોતું. માણસને અકળામણ હતી. માણસની સદીઓની અકળામણ, ઉત્કટતા, ઝંખનાના પરિણામરૂપે પુસ્તકોનો જન્મ થયો છે.

પુસ્તક એક જાદુઈ દીવો છે. તેની સાથે તમે વાત કરી શકો છો, હસી શકો છો, રડી શકો છો, સફર કરી શકો છો, દરિયાપાર અવકાશમાં, ધરતીના ઊંડાણમાં, ઇચ્છા પડે ત્યાં જઈ શકો છો.

રેડિયો, સિનેમા કે એવી બીજી વસ્તુઓ આપણને આનંદ આપી શકે છે, માહિતી આપી શકે છે, પણ પુસ્તકનો આનંદ અને પુસ્તકમાંથી મળતું જ્ઞાન એક અનોખી, પોતાની જ વિશિષ્ટતા ધરાવે છે.

પુસ્તકનો વાચક ઇચ્છા પડે ત્યારે, ઇચ્છા પડે ત્યાંથી, પુસ્તક વાંચી શકે છે અને વાંચવાનું બંધ કરી શકે છે. કેટલાંક પુસ્તકો એવી ખાણો જેવાં હોય છે, જેમાંથી દરેક વાચન વખતે નવા અર્થો, નવા સંદર્ભો, નવું જ્ઞાન , નવો આનંદ, નવો સંતોષ મળે છે.

પુસ્તક જ માત્ર એકાંકી માનવીનો સાચો સાથીદાર છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in